ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન

	મહત્તમ	લઘુતમ
અંકલેશ્વર	33.0° સે.	૧૫.0° સે.
બારડોલી	33.0° સે.	૧૪.0° સે.
ભરૂચ	33.0° સે.	૧૫.0° સે.
વ્યારા	33.0° સે.	૧૪.0° સે.

૪ | શનિવાર ૨૧ નવેમ્બર, ૨૦૨૬ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | કડોદ | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

સંક્ષિપ્ત સમાચાર

અંબિકાના સાંબા ખાતે સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટનું સ્નેહ સંમેલન યોજાયું



ભોરિયા: અંબિકાના સાંબા-ઉમરા ગામની સીમને અડીને આવેલી વનરાજીમાં, આદિવાસીઓના આસ્થાના કેન્દ્રબિંદુ સમા બામણીયા ભૂત ખાતે સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટનું સ્નેહ સંમેલન યોજાયું હતું, જેમાં 500થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉચ્ચ અભ્યાસ કરતા 19 ગરીબ વિદ્યાર્થીઓને કુલ ૩.3 લાખ 15 હજારની સહાય આપવામાં આવી હતી. સુરત સહિત દક્ષિણ ગુજરાતના 7 જિલ્લામાં કાર્યરત આ ટ્રસ્ટે સોશિયલ મીડિયા મારફતે સમાજસેવાની પ્રેરણાદાયી પહેલ હાથ ધરી છે. 12 વોટ્સએપ ગ્રુપમાં જોડાયેલા 11,000થી વધુ સભ્યોના સહકારથી અત્યાર સુધીમાં ૩.67 લાખનું દાન એકત્ર થયું છે. જેમાંથી ૩. 57 લાખ 15 હજાર મેડિકલ, એન્જિનિયરિંગ અને અન્ય ડિગ્રી કોર્સમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓ પાછળ ખર્ચવામાં આવ્યા છે.

કડોદમાં મફત નેત્ર નિદાન અને સારવાર કેમ્પ યોજાશે

કડોદ: ધી કડોદ હરિપુરા વિભાગ વેલ્ફેર સોસાયટી સંચાલિત દામોદરદાસ ગાંધી હોસ્પિટલ તથા તેજસ આંખની હોસ્પિટલ, માંડવી દ્વારા તા.૨૨-૧૧-૨૦૨૬, રવિવારે સવારે ૯થી ૧ દરમિયાન મફત નેત્ર કેમ્પ યોજાશે. સ્વ. રમેશચન્દ્ર રતનચંદ શાહના સ્મરણાર્થે, ગં.સ્વ. પુષ્પાબેન શાહના સહયોગથી યોજનારા કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરો મોતિયા, ઝામર, પડદા, છારી, વેલ, નાસૂર અને નંબરની તપાસ કરી મફત ચશ્માં આપશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને માંડવી લઈ જઈ સારવાર બાદ બીજા દિવસે કડોદ પરત મુકાશે. દર્દી અને એક સહાયકને રહેવા-જમવાની વ્યવસ્થા મફત રહેશે. ટ્રસ્ટમંડળે જનતાને લાભ લેવા અપીલ કરી છે.

પલસાણાના જોળવામાં શેરડીના ખેતરમાંથી અજાણી મહિલાની લાશ મળી

પલસાણા: પલસાણાના જોળવાની સીમમાં બ્લોક નંબર-૪૮ ખાતે આવેલા ઘનસુખભાઈ અરજણભાઈ માણીયાના શેરડીના ખેતરમાં તારીખ ૧૯ નવેમ્બરે બપોરે ૨:૩૦ વાગ્યા પહેલાં કોઈ સમયે અજાણી મહિલાનો મૃતદેહ પડ્યો હોવાનું સામે આવ્યું હતું. આ અંગે મૂળ ભાવનગરના ગારીયાધારના અને હાલ સુરતના વરાછા વિસ્તારમાં એલ.એચ. રોડ પર ગૌતમ પાર્ક સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષીય ખેડૂત સુરેશભાઈ કલ્યાણભાઈ માંગુલિયાએ રાત્રે ૮:૧૫ વાગ્યે પલસાણા પોલીસ મથકે જાણ કરી હતી. મૃતક મહિલાની ઉંમર આશરે ૪૦થી ૪૫ વર્ષ અને ઊંચાઈ અંદાજે ૫ ફૂટ ૪ ઇંચ જેટલી છે.

સોંદામીઠાના અગ્રણી રાયસિંહજી ચૌહાણનું અવસાન



સાયણ: ઓલપાડના સોંદામીઠા ગામના શૈક્ષણિક, સહકારી, સામાજિક, ધાર્મિક અને ખેડૂત સંસ્થાઓની સેવામાં આજીવન કાર્યરત રહેલા રાજપૂત સમાજના અગ્રણી રાયસિંહજી એસ. ચૌહાણનું કેનેડા મુકામે ૮૯ વર્ષની જૈફ વયે અવસાન થતાં તાલુકાની જનતાએ સમાજસેવક ગુમાવ્યો છે. તેમના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતા જિલ્લા અને તાલુકાની અનેક સંસ્થાના અગ્રણીઓએ સોંદામીઠા ગામે પહોંચી દુ:ખ વ્યક્ત કરી તેમનાં બંને સંતાનોને સાંત્વના પાઠવી હતી. તેમના બે પુત્રો સિવાયનો સમગ્ર પરિવાર કેનેડા વસવાટ કરતો હોવાથી તેઓ અવારનવાર કેનેડા જતા હતા. જોકે, ત્યાં અચાનક તેમની તબિયત લથડતાં ગત તા.૧૬મી નવેમ્બરે અંતિમ શ્વાસ લેતા કેનેડામાં તેમના પાર્થિવ દેહનાં તા.૧૯નાં રોજ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં હતાં. તેમણે ઓલપાડ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં, ઓલપાડ તાલુકા આઝાદદિન સ્મારક કેળવણી મંડળ, ધી સુરત ડિસ્ટ્રિક્ટ સ્પીનિંગ કો.ઓ. મિલમાં સેવા આપી હતી. ઓલપાડ તાલુકા ખેડૂત સમાજના પ્રમુખ, ગામના સરપંચ, ટકારમા દૂધમંડળીના કમિટી સભ્ય, પંડવાઈ સુગરનાં ડિરેક્ટર પદે પણ સેવા બજાવી હતી.

બાજીપુરામાં ચૌધરી સમાજનું સંમેલન યોજાશે

વાલોડ: વાલોડના બાજીપુરા (બાજીપુરા-બોરખડી-કહેર રોડ) ખાતે આગામી તા.22/11/2026 ને રવિવારે સૌપ્રથમવાર દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન દ્વારા વર્ષ-2025-2026નું વાર્ષિક સ્નેહ સંમેલનનું ભવ્ય આયોજન આદિ પ્રકૃતિ સંકુલ બાજીપુરા ખાતે કરવામાં આવ્યું છે, જેમાં અંદાજે 5000 જેટલા સમાજના લોકો ભાગ લેનાર છે. આદિ પ્રકૃતિ સંકુલ કોર કમીટી અધ્યક્ષ નારસીંગભાઈ ચૌધરી તથા સહ કન્વીનર ડો.વિલાસ ચૌધરી તથા સમીર ચૌધરીએ જણાવ્યું હતું કે, બાજીપુરા-કહેર રોડ પર ભવ્ય આદિ પ્રકૃતિ સંકુલ સાઇટ ચૌધરી સમાજ ભવનનું નિર્માણ કરાશે. જેના માટે દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ ફેડરેશન દ્વારા 7 વીઘાં જગ્યાની ખરીદી કાર્યવાહી પ્રગતિમાં છે. અહીં ૪૦૦ વ્યક્તિઓ તેમજ 1200 વ્યક્તિઓની ક્ષમતા સાથેના મલ્ટીપર્પઝ હોલ, લાઇબ્રેરી, લેક્ચર હોલ, કોમ્પ્યુટર હોલ, આધુનિક સુવિધાયુક્ત પાર્ટી પ્લોટ, 10 સ્યુટ રૂમ, 20 બેડની ડોરમેટરી, પાર્કિંગ, કિચન, ડાયનિંગ હોલ, રનિંગ ટ્રેક, રમતગમતનું મેદાન, જીમ તથા અન્ય આનુસાંગિક સુવિધાઓ, રોડ સાઇડ દુકાનો જેવી સુવિધાઓ ઊભી કરાશે. સ્નેહ સંમેલનમાં સાંજે 4.30થી રાત્રે 10.00 વાગ્યા સુધી અનેકવિધ કાર્યક્રમો યોજાશે. સંમેલનને સફળ બનાવવા દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ ફેડરેશન પ્રમુખ વસંતભાઈ. બી ચૌધરી સહિત આદિ પ્રકૃતિ કોર કમીટીએ સમાજના ગૌરવવંતા ઈતિહાસનો વારસો અવિસ્મરણીય બનાવવા અપીલ કરી છે.

સોનગઢના ઉખલદા ગામમાં આડા સંબંધના વહેમમાં પતિનો પત્ની પર હુમલો

સોનગઢ: સોનગઢના ઉખલદા ગામના દાદરી ફળિયામાં આડા સંબંધના વહેમમાં પતિએ પત્ની પર લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડતા મામલો સોનગઢ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. મળતી વિગતો અનુસાર ૬૦ વર્ષીય ફરિયાદી શારદાબેન ચૌધરી છેલ્લા છ મહિનાથી પતિના તકરારને કારણે અલગ ઘરમાં પુત્ર ઈલેશભાઈ સાથે રહે છે. ગત ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે અઢી વાગ્યાના સુમારે પુત્ર અને પુત્રવધૂ બાળકને સારવાર માટે વ્યારા લઈ ગયાં હતાં અને શારદાબેન ઘરે એકલા તુવેર છોલતાં હતાં. એ સમયે પતિ ગુમાનભાઈ રેશમાભાઈ ચૌધરી ઘરે આવ્યા હતા અને બીજા પુરુષ સાથે પ્રેમસંબંધ હોવાનો વહેમ રાખી ગાળાગાળી તથા ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. બાદમાં ઘરમાં પડેલી લાકડી માથામાં મારતાં લોહી નીકળ્યું હતું અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ગભરાયેલા શારદાબેન જેઠ નટવરલાલભાઈના ઘરે ગયા હતા, જ્યાંથી ૧૦૮ મારફતે રતિલાલભાઈ તેમને સોનગઢ સરકારી હોસ્પિટલ લઈ ગયાં હતાં. માથામાં ત્રણ ટાંકા આવ્યા બાદ સારવાર લઈ તેમણે પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

વ્યારાના ઇન્દુ ગામે ભાડેના ઘરમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો

વ્યારા: વ્યારાના ઇન્દુ ગામે SOG ટીમે બાતમીના આધારે છાપો મારી ભાડે રહેતી મહિલાના ઘરેથી ગાંજાનો જથ્થો પકડી પાડ્યો હતો. મળતી માહિતી મુજબ તાપી SOGની ટીમે ગત તા.19-11-2026 ને ગુરુવારે રાત્રે 9.45થી 11.55 વાગ્યાના અરસામાં ઇન્દુ ગામે હેપ્પી હોમ સોસાયટીની બાજુમાં રહેતી મહિલા રેખા દિલીપ ગાયકવાડ (ઉ.વ.45) પોતાના ભાડાના ઘરમાં ગાંજો વેચતી હોવાની બાતમીના આધારે છાપો માર્યો હતો. દરમિયાન 85.73 ગ્રામ ગાંજો કિંમત આશરે રૂ.4,286 મળી આવ્યો હતો. પોલીસે રૂ.9,786નો મુદ્દામાલ જપ્ત કરી આઘેડ મહિલાની ધરપકડ કરી ગાંજો પૂરો પાડનાર ભરતને વોન્ટેડ જાહેર કર્યો હતો.

કુકરમુંડામાં રખડતાં કૂતરાંનો આતંક પાંચ લોકોને બચકાં ભરતાં ફફડાટ

પાંચ ઇજાગ્રસ્તમાં ત્રણ બાળકોનો સમાવેશ, 3 વર્ષની બાળકીને મોં પર ગંભીર ઈજા થતાં નંદુરબાર રિફર કરાઈ



કુકરમુંડા: કુકરમુંડા તાલુકા મુખ્ય મથકમાં એકથી વધુ હડકાયાં કૂતરાં ફરતાં હોવાની ફરિયાદો વચ્ચે કૂતરાંના હુમલાની ઘટનાઓ સામે આવતાં સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કુકરમુંડાના મુખ્ય માર્ગો, રહેણાક વિસ્તારો, પ્રાથમિક શાળા અને આંગણવાડીની આસપાસ રખડતાં કૂતરાંનાં ઝૂંડ જોવા મળી રહ્યાં છે. મસ્જિદ ફળિયા નજીક આવેલા મેદાન તેમજ બેંક પરિસર આસપાસ પણ કૂતરાંનો ત્રાસ વધ્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ખાસ કરીને શાળાએ જતાં બાળકો અને રાત્રિના સમયે અવરજવર કરતા રાહદારીઓની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. ગતરોજ શુક્રવારે કૂતરાંના હુમલામાં પાંચ લોકોને બચકાં ભરવામાં આવતાં તેમને તાત્કાલિક કુકરમુંડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર આપવામાં આવી હતી. ઈજાગ્રસ્તોમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે, જેમાં કુકરમુંડાના ગોકુળ ફળિયાના જીવન મહેશભાઈ પાડવી, જિજ્ઞાબેન નરેશભાઈ આહીરાવ અને ત્રણ વર્ષની ફાતેમા વાજીદ પઠાણનો સમાવેશ થાય છે. ત્રણ વર્ષની બાળકી ફાતેમાને મોંના ભાગે ગંભીર ઈજાઓ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર માટે નંદુરબાર રિફર કરવામાં આવી છે. એકસાથે પાંચ લોકોને કૂતરાં કરડવાની ઘટના અને તેમાં ત્રણ નાના બાળકો ભોગ બનતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને શાળા અને આંગણવાડીમાં જતાં બાળકોની સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોએ ગ્રામ પંચાયત અને તાલુકા વહીવટી તંત્ર સમક્ષ રખડતાં કૂતરાંને પકડવા, હડકાયા કૂતરાં અંગે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા તેમજ જાહેર સ્થળોએથી કૂતરાંનો ઉપદ્રવ દૂર કરવા માંગ કરી છે.

સગી દીકરીનો પતિ અને સાસુ સાથે મળી માવતર પર હુમલો

બારડોલીના મોતા ગામે પ્રેમલગ્નની અદાવત લોહિયાળ બની

દંપતીને ફળિયામાં ન રહેવા દેવાના લખાણની દાઝ રાખી હુમલો કર્યો

બારડોલી: બારડોલીના મોતા ગામે પ્રેમલગ્નની જૂની અદાવત રાખી ગાડી પાર્ક કરવા જેવી સામાન્ય બાબતે સગી પુત્રીએ તેના પતિ અને સાસુ સાથે મળીને પોતાનાં જ માતા-પિતાને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે બારડોલી રૂરલ પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મોતા ગામના માહ્યાવંશી મહોલ્લામાં રહેતા અને સી.એમ.એસ. કેશ લોડિંગની ફોર વ્હીલ ગાડી ચલાવી ગુજરાન ચલાવતા નીતિનભાઈ ઠાકોરભાઈ પરમાર (ઉ.વ.૫૦) ની ૨૪ વર્ષીય પુત્રી દિયાનીબેને આશરે દોઢ વર્ષ અગાઉ તે જ મહોલ્લામાં રહેતા કૌશિકભાઈ રમેશભાઈ રાઠોડ સાથે ભાગીને સિવિલ મેરેજ કરી લીધાં હતાં. આ બાબતે સમાજ રાહે એવું લખાણ કરવામાં આવ્યું હતું કે દિયાની અને કૌશિકને ફળિયામાં રહેવા દેવા નહીં. આ જ બાબતની અદાવત રાખીને ગુરુવારે તા.૧૯/૧૧/૨૦૨૬ની સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે આ સમગ્ર વિવાદ સર્જાયો હતો. ઘટનાની વિગત એવી છે કે, નીતિનભાઈની ગાડી દરરોજની જેમ તેમના ઘરના આંગણામાં પાર્ક કરેલી હતી. દરમિયાન સાસરીમાં આવેલી દિયાનીબેને ગાડી પાર્કિંગ મુદ્દે ૧૧૨ જનરક્ષક પોલીસ વાનને બોલાવી હતી. પોલીસે ગાડી હટાવી લેવા જણાવતા નીતિનભાઈએ ગાડીમાં સેલ ન લાગતો હોવાથી ફળિયામાંથી છોકરાઓને બોલાવી ગાડી હટાવી દેવાની વાત કરી હતી. જોકે, આ દરમિયાન દિયાનીએ તેની માતા અલ્કાબેન સાથે બોલાચાલી શરૂ કરી દીધી હતી. નીતિનભાઈએ પુત્રીને માતા સાથે બોલાચાલી ન કરવાનું કહેતાં દિયાની, તેનો પતિ કૌશિક અને સાસુ ધનુબેન ઉશ્કેરાઈ ગયાં હતાં અને જાહેરમાં અપશબ્દો બોલી ઝપાઝપી પર ઊતરી આવ્યાં હતાં. આરોપીઓએ નીતિનભાઈની દાઢીના વાળ ખેંચી તે મને જમીન પર પટકી દીધા હતા, જ્યાં કૌશિકે તેમને ઢીક્કામુક્કીનો માર મારી પેટમાં લાત મારી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પતિને બચાવવા વચ્ચે પડેલા અલ્કાબેનને પણ દિયાની અને તેની સાસુ ધનુબેને પકડીને ઢીકામુક્કીનો માર માર્યો હતો. પેટના ભાગે ગંભીર ઈજા થતાં નીતિનભાઈને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખસેડાયા હતા. હોસ્પિટલના બિછાનેથી નોંધાવેલી ફરિયાદના આધારે બારડોલી રૂરલ પોલીસે દિયા નીબેન, કૌશિકભાઈ રાઠોડ અને ધનુબેન રાઠોડ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ પરેશભાઈ રામુભાઈ ચૌધરી ચલાવી રહ્યા છે.

માંડવીમાં હાઈવે નં.56ના ડ્રોન સરવે મુદ્દે ખેડૂતોનો ઉગ્ર વિરોધ



સરકુઈ ગામમાં ખેડૂતોએ કામગીરી અટકાવી, સાધનો કબજે લીધાં

માંડવી: હાઈવે નં.56 માટે ચાલી રહેલા જમીન સંપાદન સામે માંડવી તાલુકાના ખેડૂતોએ હવે આક્રમક તેવર અપનાવી આરપારની લડાઈનું રણશિંગુ ફૂંક્યું છે. સરકુઈ ગામે પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલી ડ્રોન સરવેની કામગીરીનો ખેડૂતોએ ઉગ્ર વિરોધ કરી સરવેની પ્રક્રિયાને સ્થળ પર જ અટકાવી દીધી હતી.

માંડવીના ખેડૂતો લાંબા સમયથી હાઈવે નં.56ના જમીન સંપાદનને ગેરકાયદે ઠેરવી વિરોધ કરી રહ્યા છે. દરમિયાન સરકુઈ ગામે પ્રશાસનની ટીમ ડ્રોન સરવે કરવા પહોંચતા જ ગામના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતોએ સ્થળ પર ધસી વિરોધ કરી કામગીરી અટકાવી હતી. ઉપરાંત અધિકારીઓ પાસે રહેલાં લેપટોપ અને ડ્રોનના રિમોટ સહિતનાં સાધનો કબજે લઈ લીધાં હતાં, જેના પગલે સ્થળ પર ભારે તંગદિલી સર્જાઈ હતી.

આ ઘટના બાદ ગામના આગેવાનોએ હાઈવે ઓથોરિટીના અધિકારી સંજય શર્મા સાથે ફોન પર વાતચીત કરી ખેડૂતોનો ઉગ્ર રોષ અને લાગણી રજૂ કરી હતી. બાદ સ્થાનિક પ્રશાસન અને ખેડૂતો વચ્ચે સમજાવટ અને સંવાદ થતાં મામલો શાંત પડ્યો હતો અને ખેડૂતોએ કબજે લીધેલાં સાધનો પરત કર્યાં હતાં. જોકે, આ ઘટના બાદ ખેડૂતોએ તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, કોઈપણ ભોગે અમે અમારી મહામૂલી જમીન સંપાદન માટે આપવાના નથી. જો જમીન સંપાદનની પ્રક્રિયા બળજબરીથી આગળ ધપાવાશે તો આંદોલન વધુ ઉગ્ર બનાવીશું.

પલસાણાની શારદા મિલ સામે ગાંજા સાથે યુવક ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એન્ટી નાર્કોટિક્સ વિંગ (ANW)એ ૧૮ નવેમ્બરના રોજ પલસાણાના પઠાણ પાર્ક ખાતે શારદા મિલ સામેના ખુલ્લા મેદાનમાં દરોડો પાડી ગેરકાયદે ગાંજા સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે મૂળ બિહારના અને હાલ પલસાણાની ગૌરવ ટાઉનશિપમાં રહેતા ૨૪ વર્ષીય વિનયકુમાર યાદવ પાસેથી રૂ.૭,૩૦૦ની કિંમતનો ૧૫૪ ગ્રામ ગાંજો, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૨૨,૭૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ જથ્થો છૂટક વેચાણ માટે આપનાર પઠાણ પાર્કનો અરબાઝ નામનો શખ્સ ફરાર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરાયો છે. પલસાણા પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દસ્તાનમાં બંધ બંગલામાં ચોરી

૮.૫૦ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી

પલસાણા: પલસાણાના દસ્તાન ગામે આવેલા ઉમા વિહાર બંગલોઝમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી લાખો રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી હતી. પરિવાર બહારગામ ફરવા ગયો હતો. દરમિયાન અજાણ્યા ચોરોએ ઘરના પાછળના ભાગની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદાજે રૂ.૮.૫૦ લાખનાં સોના-ચાંદીનાં ઘરેણાં તથા રોકડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

દસ્તાન ગામના ઉમા વિહાર બંગલોઝના ઘર નં.૧૧૫માં રહેતા અને વરે લીમાં આવેલી રવિ એક્સપોર્ટ લિમિટેડ કંપનીમાં પ્લાન્ટ હેડ તરીકે નોકરી કરતા પવનકુમાર કરમચંદ વાઘ (ઉ.વ.૪૮) ગત તા.૧૦ નવેમ્બરે પોતાના પરિવાર સાથે ઘર બંધ કરીને બહારગામ ફરવા ગયા હતા. દરમિયાન ગત તા.૧૬ નવેમ્બરે સવારે આશરે ૧૦ વાગ્યાના અરસામાં તેમની જ સોસાયટીમાં રહેતા મિત્ર સુબોધકુમાર ઠાકુરે ફોન કરીને જાણ કરી હતી કે તેમના ઘરની બારીની ગ્રીલ તૂટેલી હાલતમાં છે અને ઘરમાં ચોરી થઈ હોવાનું જણાય છે. ઘટનાની જાણ થતા પવનકુમાર પરિવાર સાથે ૧૭ નવેમ્બરની રાત્રે ઘરે પરત ફર્યા હતા અને તપાસ કરતા ઘરનો તમામ સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. તસ્કરોએ પાછળની બારીની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કરીને હોલ અને બે ડરૂમમાંથી આશરે ૨૫૦ ગ્રામ સોનાનાં ઘરેણાં, આશરે ૫૦૦ ગ્રામ ચાંદીના ઘરેણાં, એક ચાંદીની મૂર્તિ તેમજ આશરે ૫,૦૦૦ રૂપિયા રોકડા મળી કુલ રૂ.૮,૫૦,૦૦૦નો મુદ્દામાલ ચોરી લીધો હતો. ઉપરાંત આ જ સમયગાળા દરમિયાન તસ્કરોએ આ જ સોસાયટીમાં રહેતા દત્તાત્રેય ગરબદભાઈ પવારના ઘર નં.એજી-૧માં પણ પ્રવેશી ચોરીને અંજામ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલે પવનકુમારે ૧૯ નવેમ્બરે પલસાણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર નીરંજનાબેન ગામીત દ્વારા હાથ ધરવામાં આવી છે.

કડોદરાની સમ્રાટ ગ્રીન સિટી સોસાયટીમાંથી બાઈક ચોરાઈ

પલસાણા: કડોદરા ગામે આવેલી સમ્રાટ ગ્રીનસિટી સોસાયટીમાં ઘરની બહાર પાર્ક કરેલી મોટરસાઈકલની ચોરી થઈ હતી મૂળ મહારાષ્ટ્રના અને હાલ સમ્રાટ ગ્રીનસિટીમાં રહેતા ૨૫ વર્ષીય ખુશાલ સાવંતે ૧૬ નવેમ્બરની રાત્રે ઘર બહાર રૂ. ૧ લાખની કિંમતની હોંડા સી.બી. યુનિકોર્ન બાઈક નં.(GJ-19-DA-2949) પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે જોતાં બાઈક ગાયબ જણાતાં અજાણ્યા તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું જણાયું હતું. આ અંગે કડોદરા GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નિવિદા

નં.૦૨ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતાના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ બારડોલી તાલુકાની સ્થાનિક સહકારી મંડળીઓ, બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો પાસેથી બારડોલી તાલુકાના વિકાસના કામો માટે ભાવો મંગાવવામાં આવે છે.

અ. નં.	કામો રાખવા ઇચ્છતી એજન્સી	મુદત	માંગણી માટેની જરૂરી વિગતો
૧	સ્થાનિક સહકારી મંડળીઓ	જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી પહેલા બે દિવસ	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ
૨	બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો	જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી ત્રીજા દિવસે	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ

ટી.એસ.પી.યોજના ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ અંતર્ગત સિંચાઈ માટેના કામો કમ નં.(૨)માં દર્શાવેલ એજન્સીઓને કોરા ટેન્ડર આપવાની મુદત હરોળમાં ક્યેરી સમય દરમ્યાન ટેન્ડર ફી ની રકમ પી.એલ.એ.ટુ ટી.ડી.ઓ.બારડોલી સદરે જમા કરાવી અસલ ચલન રજૂ કરી બાંધકામ શાખામાંથી મેળવી શકાશે.ટેન્ડરો સ્પીડ પોસ્ટથી જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી દિન-૦૬ સુધીમાં ક્યેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલવાના રહેશે.તારીખ મર્યાદા પછી આવેલ ટેન્ડરો માન્ય રાખવામાં આવશે નહિ.શરતો તથા કામોની યાદી બાંધકામ શાખા તા.પં.બારડોલીમાં જોવા મળશે.ટેન્ડર મંજુર/નામંજુર કરવાનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીને રહેશે.ટેન્ડરો જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી ૭ માં દિવસ ના રોજ ૧૪:૦૦ કલાકે હાજર રહેલ એજન્સી રૂબરૂ ખોલવામાં આવશે.

તાલુકા વિકાસ અધિકારી
કમાંક.માહિતી-સુરત/૯૧૩/૨૦૨૬ બારડોલી.જિ.સુરત

પંજાબ નેશનલ બેંક | punjab national bank

...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

નવસારી ગણદેવી રોડ શાખા(૧૫૬૬૨૦) : ગ્રાઉન્ડ ફ્લોર હેરીટેજ એપાર્ટમેન્ટ,ગણદેવી રોડ, નવસારી. ફોન : ૦૨૬૩૭ ૨૩૩૧૨૭, email: ID:bo156620@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાવી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર પંજાબ નેશનલ બેંક, નવસારી ગણદેવી રોડ શાખા, અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨)અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)૨૦૦૨ ના રૂલ્સ ૩ સાથે વંચાણે લઈ તેમની મળેલ સત્તા હેઠળ તા.૧૦.૦૮.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને શ્રી રામચંદ્રા આર યાદવ(દેવાદાર) અને શ્રીમતી દુર્ગાબેન રામચંદ્રા યાદવ (સહ-દેવાદાર) ને નોટીસમાં દર્શાવેલ રકમ રૂા.૩,૧૧,૩૯૧.૦૦/- (અંકે રૂા. ત્રણ લાખ અગીયાર હજાર ત્રણસો એકાણુ પૈસા) ૩૧/૦૭/૨૦૨૬ ના રોજ વ્યાજ સાથે આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર તારીખ ૧૮ નવેમ્બર ૨૦૨૬ ના રોજ આ મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદાર/ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો પંજાબ નેશનલ બેંક નવસારી ગણદેવી રોડ શાખા, ની બાકી રકમ રૂા.૩,૧૦,૭૭૫.૦૦/- (અંકે રૂા. ત્રણ લાખ દસ હજાર સાતસો પંચોતેર પૂરા) ૩૦/૧૦/૨૦૨૬ ના રોજના તેના ઉપરના વ્યાજ અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

એનપીએ બાદ વસુલાત-રૂા.૧૪,૦૦૦/-

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે મોજે ગામ સરીબુજરંગ તાલુકા ગણદેવી, જિલ્લા નવસારી શીટ નં. ૧૧ સી એસ નં.૬૭૮ ટોટલ જમીન એરીયા માપ ૯૬.૫૭ ચો.મી જેનાથી ૯૦.૦૦ ચો.મી જમીન પર આવેલ બિલ્ડીંગ નું બાંધકામ ગ્રામ પંચાયત ઘર નં. ૧૦૪૯ બીજો માળ ફાલ્ટ થી પશ્ચિમ ભાગ અને એપાર્ટમેન્ટ તા પશ્ચિમ ભાગે સુગમ એપાર્ટમેન્ટ માં માપ ૫૭.૦૦ ચો.મી શ્રી રમેશચંદ